# નાણાકીય વર્ષના અંતે બેંકોમાં ચાર દિવસની રજાથી હાલાકી પડશે

**ધુળેટી, ગુડ ફ્રાઈડે અને ચોથા શનિ-રવિની સળંગ રજાઓમાં બેંકો અને સરકારી કચેરીઓમાં રજા રહેશે : નાણાકીય વર્ષના અંતે સળંગ રજાઓ આવવાથી નાણાકીય લેવડ-દેવડમાં મુશ્કેલીઓ સર્જાવવાની શક્યતા**




ગાંધીનગર, તા. ૧૫

નાણાકીય વર્ષ ૩૧મી માર્ચે પૂર્ણ થઈ રહ્યું છે. વેપારીઓ અને ઉયોગપતિઓ વર્ષભરના હિસાબોની પતાવટમાં લાગ્યા છે તો બેંકો અને સરકારી કચેરીઓમાં ક્લીયરન્સ સહિતના કામો જોશભેર ચાલી રહ્યા છે. આ વ્યસ્ત સમયગાળામાં જ ૨૪ થી ૨૭ માર્ચ સુધી સળંગ ચાર દિવસની રજા બેંકો અને સરકારી કચેરીઓમાં હોવાથી ઘણાના નાણાંકીય કામકાજો પર અસર થવાની શક્યતાઓથી હાલાકી ભોગવવાનો વારો આવી શકે છે.

આ વર્ષે માર્ચ મહિનાના અંતે જ સળંગ રજાઓ આવી રહી છે. હોળી ૨૩મી માર્ચે છે જો કે તે દિવસે બેંકો અને સરકારી કચેરીઓમાં કામકાજ ચાલુ છે. હોળી પછીનો બીજો દિવસ એટલે કે ધુળેટીના દિવસે ૨૪મી માર્ચને ગુરૂવારના રોજ બેંકો અને સરકારી કચેરીઓમાં રજા છે. તે પછી ૨૫મી માર્ચને શુક્રવારના રોજ ગુડફ્રાઈડેની રજા અને ૨૬ અને ૨૭મી માર્ચ ચોથા શનિવાર-રવિવારની રજાઓ છે. સળંગ ચાર દિવસની રજા બેંકના કર્મચારીઓ અને સરકારી કર્મચારીઓને મળશે. સળંગ ચાર દિવસની રજા હોય તો કર્મચારીઓ ખુશખુશાલ હોય છે. પરંતુ આ દિવસો દરમ્યાન નાણાકીય વર્ષનો અંતિમ સમયગાળો ચાલતો હોવાથી બેંકો અને કેટલીક સરકારી કચેરીઓમાં કામનુ ભારણ વધુ છે.

વણવપરાયેલી ગ્રાન્ટ વાપરવાની હોવાથી અને તેના બીલો મંજુર કરાવવાના હોવાથી કેટલીક સરકારી કચેરીઓમાં ચહલપહલ જોવા મળી રહી છે. અને મોડી રાત સુધી કામકાજ થાય છે. તેવી જ રીતે બેંકોમાં સરકારી ચેકોના ક્લીયરન્સનું કામ વધી જાય છે. આ ઉપરાંત વેપારીઓ અને ઉદ્યોગપતિઓ પણ આ સમયગાળામાં જ નાણાકીય લેવડદેવડના હિસાબો પતાવતા હોવાથી બેંકો પર કામકાજનું ભારણ વધુ રહે છે. આ સમયે જ સળંગ રજાઓ આવતી હોવાથી નાણાકીય લેવડદેવડના કામોમાં અડચણ આવી શકે છે. જો કે કેટલીક મોટી બેંકો અને સરકારી કચેરીઓમાં રજાના દિવસો દરમ્યાન કામકાજ ચાલુ રાખી ક્લીયરન્સ કરવામાં આવશે તેવું અધિકારીઓ જણાવી રહ્યા છે.

## ખૂણે ખાંચરેથી...

● સચિવાલય સંકુલના બ્લોક નં. ૫માં આજે સવારે જ લિફ્ટો ખોટકાઈ જતાં કર્મચારીઓ પરેશાન થઈ ગયા હતા.

● ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના સાંપા ગામેથી સ્વાઈન ફ્લુનો એક શંકાસ્પદ દર્દી મળ્યો હતો પરંતુ પરીક્ષણ રિપોર્ટ નેગેટીવ આવતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

● જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિની રિવીઝન અરજીની સુનાવણી પ્રક્રિયા સંપન્ન થઈ ગઈ છે હવે પંચાયત સહિતના ચુકાદા પર સૌની મીટ મંડાઈ છે.

● ગાંધીનગર જિલ્લામાં સરકારી પ્રા. શાળામાં શિક્ષકોની ૨૫૪ જગ્યા ૩૧-૩-૧૫ની સ્થિતિએ ખાલી હતી તેમ વિધાનસભાના એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં જણાવાયું છે.

● ગાંધીનગર તાલુકાનો લોક સંવાદ કાર્યક્રમ ૨જી એપ્રિલના રોજ યોજાશે.

● ગાંધીનગર શહેરમાં શેરડીના કોલા શરૂ થઈ ગયા છે.

● શહેરના 'ચ' માર્ગ પર હવે કોટન શર્ટનું પાથરણા બજાર લાગી રહ્યા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ભુલ થજો... આપણી સરકાર અને નશાબંધી વાળાનું .... કે... દેશી દારૂવાળાને લોન નથી આપતી... બાકી... લોન લઇ એ લોકો ભાગી જાય તો... આપણે તો પીવાનાં ફાંફા પડી જાય...!!

## ઈન્ફોસીટી ખાતે મોડી રાત્રે કારમાં ત્રણ યુવતી સહિત
# પાંચ નબીરાઓ વોડકાની બોટલ ફોડીને મહેફીલ માણતા ઝડપાયા

**ફોર્ચ્યુનર ગાડીમાં બિન્દાસ્ત દારૂ ઢીંચી રહેલા પાંચેયની ધરપકડ : ત્રણ યુવતીઓ નિફ્ટની વિદ્યાર્થીનીઓ તથા એક યુવાન હોટલ માલીકનો દિકરો હતો**

ગાંધીનગર, તા. ૧૫

ચાર બોટલ વોડકા...

કામ મેરા રોજ કા...

ગાંધીનગર નજીક ઈન્ફોસીટી આસપાસ મોડી સાંજે આ જ પ્રકારનું કલ્ચર ડેવલપ થઈ રહ્યું છે. ક્યાંક હૂક્કાના ધુમાડામા તો ક્યાંક યુવક-યુવતીઓ સાથે બેસીને સિગારેટના સુટ્ટાઓ મારતા નજરે ચઢે છે. તે તો ઠીક પરંતુ હવે તો બિયરના ટીન અને સ્પેશ્યલ બ્રાન્ડની દારૂ બોટલ પણ ખાલીખમ કોઈ ખુણે પડેલી જોવા મળે છે. ત્યારે ગઈ મોડી રાત્રે ફોર્ચ્યુનર ગાડીમાં વોડકાની બોટલ ફોડીને મહેફીલ માણી રહેલી ત્રણ યુવતીઓ સહીત પાંચ નબીરા ઈન્ફોસીટી પોલીસના હાથે ઝડપાઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. પાંચેયની ધરપકડ કરી રૂ. ૬.૧૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઈન્ફોસીટી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઈન્ફોસીટી પી.આઈ. પરાગ ચૌહાણની સુચનાથી તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે ઈન્ફોસીટી સંકુલમાં હોટલ લમ્ડીઝ નજીક ફોર્ચ્યુનર ગાડી નં. જીજે-૧.આર.જી. ૬૦૦૭માં દારૂની મહેફીલ ચાલી રહી છે. જેને આધારે દરોડો પાડી તપાસ કરતા ગાડીમાં બે યુવાનો તથા ત્રણ યુવતીઓ વોડકા પી રહ્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. અમદાવાદની એક હોટલના માલીકના દિકરા ગુરૂવિન્દર સિંગ મકવાણા તથા ખાનગી કંપનીમાં નોકરી કરતા ચિરાગ શર્મા સહિત નિફ્ટમાં અભ્યાસ કરતી ત્રણ યુવતીઓ સાક્ષી પાલ, સુહાસીની પાલ અને સંગમીશ્રા દેવીરામ મળીને પાંચની ધરપકડ કરી વોડકાની અડધી બોટલ, ફોર્ચ્યુનર ગાડી તથા મોબાઈલ મળીને પોલીસે રૂ. ૬,૧૭,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

# માણસા-દહેગામમાં જળ સંચયનું વિશેષ અભિયાન

## ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ઈલેકટ્રીક બસ દોડશે : રૂપાણી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા માટે આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં બે મહત્વની જાહેરાતો પાણી પુરવઠા અને વાહન-વ્યવહાર મંત્રીશ્રી વિજય રૂપાણીએ કરી છે. ગાંધીનગર જિલ્લાના બે તાલુકા દહેગામ અને માણસા ઉપરાંત વિજાપુર તાલુકામાં આગામી નાણાંકીય વર્ષમાં જળસંચય અભિયાનમાં વિશેષ અભિયાન હાથ ધરવામાં આવશે.

રાજ્યના પાણી પુરવઠા વિભાગના મંત્રીશ્રી વિજય રૂપાણીએ આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં પાણી-પુરવઠા વિભાગની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં આ જાહેરાત કરી હતી.

મંત્રીશ્રીએ ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ઈલેકટ્રીક બસોનો પાયલોટ-પ્રોજેક્ટ હાથ ધરવા માટેનો રોડ મેપ તૈયાર થઈ ગયાના સંકેતો આપતાં જણાવ્યુ હતુ કે આ પ્રોજેક્ટ ટુંકમાં જ કાર્યરત થશે.

તેમનો વિભાગ જળ સંચયના કામોને પણ પ્રાથમિકતા આપે છે. ખેરાલુ તાલુકાના જળ સંચય માટે એક પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરેલ છે. આ પ્રોજેક્ટ હેઠળ ૫૨ ગામોમાં વોટર બજેટના વર્કસોપ કરવામાં આવેલ. અને તમામ ગામ લોકોને જળ સંચાર અને આવતી પેઢી માટે પાણી ગામમાં ઉપલબ્ધ રહે તેવી સમજણ આપેલ. આ પાઈલોટ પ્રોજેક્ટ થકી અન્ય ફાયદા પણ થયા છે. જેમ કે આ ગામોમાં ૫ હજારથી પણ વધુ નવા શૌચાલયો બન્યા, ૪ હજારથી વધુ હેક્ટરો ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવી. આ યોજનાની સફળતા જોઈ અન્ય ૩ તાલુકાઓ દહેગામ, માણસા અને વિજાપુરમાં પણ આવા પ્રોજેક્ટો અમલમાં લાવવાનું આયોજન છે.



ચકલોડીયા : ઉનાળાના ધોમધખતા તાપમાં તરસ છીપાવવા અબોલ પક્ષીઓ માટે શહેર વસાહત મહામંડળ દ્વારા ચકલોડીયાનું વિતરણ આરંભાયું છે. શહેર વસાહત મહામંડળ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ બે હજારથી વધુ ચકલોડીયાનું વિતરણ કરી અનોખી સેવા પૂરી પાડશે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ધર્મ પરિવર્તન માટે આઠ અરજદારોની જિલ્લામાં અરજી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ધર્મ પરિવર્તન માટે ૮ અરજીઓ જિલ્લા તંત્રને મળી છે. જેમાંથી એક અરજદારને ધર્મપરિવર્તન માટેની મંજૂરી આપવામાં આવી છે.

કોંગીના ડૉ. તેજશ્રીબેન પટેલે વિધાનસભામાં પુછેલા એક અતારાંકિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ લેખિત ઉત્તરમાં જણાવ્યું છે. ધર્મપરિવર્તન માટે જિલ્લામાં ૭ હિન્દુ અને ૧ ખ્રિસ્તી અરજદારે મંજૂરી માંગી હોવાનું મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે. મળેલ આ ૮ અરજીઓ પૈકી ૧ અરજદારની અરજી ગ્રાહ્ય રાખવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# અન્ન સુરક્ષા યોજનામાં સરકાર ગરીબોને એપ્રિલફુલ ન બનાવે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજયમાં ભાજપ સરકારે ફુડ સિક્યુરિટી બિલના અમલમાં ત્રણ વર્ષ સુધીનો ગુનાહિત વિલંબ કર્યો હોવા સામે આક્રોશ વ્યક્ત કરતાં કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, રાજય સરકાર દ્વારા ૨૦૧૧માં બનાવાયેલી યાદીમાં જરૂરીયાતમંદ ગરીબ એ મધ્યમ વર્ગના લોકોની બાદબાકી કરી મળતીયાઓનો મોટા પ્રમાણમાં સમાવેશ કરવામાં આવ્યો હોવાથી વંચિત લોકોનો આ યાદીમાં તાત્કાલીક સમાવેશ કરવો જોઈએ.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા ત્રણ વર્ષના અસહ્ય વિલંબ બાદ આગામી ૧લી, એપ્રિલથી ફુડ સિક્યુરીટી બિલનો અમલ કરવાની જાહેરાત કરવામાં આવી છે. જેના કારણે સમગ્ર રાજયના જરૂરીયાતમંદ એવા સેંકડો ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને મળવાપાત્ર અન્નનો પુરવઠો મળી શક્યો નથી. ભાજપ સરકારના આ વિલંબના કારણે નામદાર સુપ્રિમ કોર્ટે પણ ટકોર કરવી પડી હતી કે શું ગુજરાત ભારત દેશમાં આવતું નથી. ગુજરાતની ગરીમા માટે આ બાબત કલંકરૂપ હોવા છતાં રાજય સરકારનું પેટનું પાણી પણ હાલ્યુ નથી. આમ છતાં રહી રહીને ભાજપ સરકારે આગામી ૧લી, એપ્રિલથી ગુજરાતમાં આ બિલનો અમલ કરવાની જાહેરાત કરી છે તે ગરીબ પ્રજાજનો માટે એપ્રિલ ફુલ બની ન રહે તેવી આશા રાખીએ.ગુજરાત રાજયની પ્રજાને ગેરમાર્ગે દોરી છેલ્લા ૨૦ વર્ષથી લોલીપોપ આપવામાં પાવરધી બની ગયેલી ભાજપ સરકારેઆ બિલની યાદીમાં પણ ગરીબોને હળહળતો અન્યાય કર્યો છે. રાજય સરકાર દ્વારા ૨૦૧૧ના વર્ષમાં આ બિલની યાદી માટે સર્વે કરાયો હતો. તે યાદી મુજબ પહેલી એપ્રિલથી જે તે લાભાર્થીઓને લાભ આપવામાં આવશે. પરંતુ સને ૨૦૧૧માં તૈયાર કરાયેલી આ યાદી ખુબ જ અધુરી તેમજ આ યોજના માટે ઉપયોગી બની શકે તેમ નથી. આ યાદીમાં પોતાનો હક્ક ધરાવતા તેમજ જરૂરીયાતમંદ એવા નાગરીકોના નામોનો સમાવેશ જ કરવામાં આવ્યો નહીં હોવા સામે ડૉ.હિમાંશુ પટેલે આક્રોશ વ્યક્ત કર્યો છે.

હિમાંશુ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, આ યોજના વાસ્તવમાં ગરીબ અને મધ્યમ વર્ગ તેમજ ઝુંપડપટ્ટી જેવા સ્લમ વિસ્તારમાં રહેતા કુટુબો માટે અમલમાં મુકવામાં આવી છે. પરંતુ ભાજપ સરકારે ગરીબ અને મધ્યમ વર્ગ સાથે ભારોભાર અન્યાય કરી ભાજપના કાર્યકરો તેમજ શ્રીમંત હોય તેવા મળતીયા લોકોનો પણ આ યાદીમાં સમાવેશ કરી ભાજપ સરકારે પોતાનો અસલી ચહેરો બતાવી દીધો છે. આ યાદીના સર્વે વખતે પણ ફુડ સિક્યુરીટી યાદી માટે નાગરિકો પાસેથી ચાર પાંચ વખત જુદા જુદા કાગળો મંગાવી ગેરસમજ ફેલાવવામાં આવી હતી. જેમાં એકના એક કાગળોને વારંવાર આપવા છતાં પણ જુદા જુદા કારણો આપી અથવા યેનકેન પ્રકારે હક્ક ધરાવતા ગરીબ નાગરિકોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા. આ સમગ્ર યાદીમાં ભારે ગેરવહીવટ દાખવી મધ્યમવર્ગ અને ગરીબોના નામ કાઢી તેમના પ્રત્યે કિન્નાખોરી દર્શાવવમાં આવી છે. આ યાદીમાં જરૂરીયાતવાળા વર્ગની બાદબાકી કરી જેને ખરેખર કોઈ જરૂર નથી તેવા નાગરિકોની યાદી બનાવીને ભાજપ સરકારના ઈશારે મોટી વિસંગતતા ઉભી કરવામાં આવી

# કેપિટલ સ્ટેશનથી આણંદ જતી મેમુ ટ્રેનમાં ટોઈલેટ બ્લોકને પણ તાળુ

## રેલ યાત્રિકોને મુંઝવણ રજુઆતના અંતે પણ શૌચાલયનુ તાળુ ખુલતુ નથી

ગાંધીનગર તા ૧૫

કેપિટલ સ્ટેશનથી આણંદ દાહોદ જતી મેમુ ટ્રેઇનમાં એક પણ બોગીમાં ટોઇલેટ બ્લોકની સુવિધા નથી જયારે આખી ટ્રેઇનની એક જ બોગીમાં ટોઇલેટ બ્લોક હોવા છતા તેના પર તાળાબંધી જોવા મળે છે. જેના પરિણામે યાત્રિકોએ મુંઝવણ અનુભવી પડે છે. આ મામલે યાત્રિકો દ્વારા રેલવે તંત્રને રજુઆત કરવા છતા કોઇ પગલા લેવાતા નથી.

ગાંધીનગર રેલવે સ્ટેશન પરથી હાલ રોજની ચાર ટ્રેઇન અવર જવર કરે છે. જયારે સ્ટેશન વિસ્તારમાં યાત્રિકોલક્ષી સુવિધા ઉભી કરવામાં નિરસતા સેવાઇ રહી છે. ત્યારે સ્ટેશન પરથી દોડતી ટ્રેઇનમાં પણ ટોઇલેટ જેવી પ્રાથમિક સુવિધા ન હોવાથી યાત્રિકોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. કેપિટલ સ્ટેશનથી આણંદ દોડતી મેમુ ટ્રેઇન આગળ દાહોદ સુધી જાય છે. જયારે આ ટ્રેઇનમાં ૮ જેટલી બોગી હોવાછતા એકપણ કોચમાં ટોઇલેટ બ્લોક નથી. જયારે એક બોગીમાં ટોઇલેટની સુવિધા હોવાછતા તેને તાળા મારી દેવાયા છે. આ મામલે અગાઉ યાત્રિકો દ્વારા રેલવે તંત્રને રજુઆત કરવામાં આવી હતી જેના પરિણામે ટ્રેઇનમાં યાત્રિકોની સુવિધા માટે ટોઇલેટનુ તાળુ ખોલી દેવામાં આવ્યુ હતુ. પરંતુ બે દિવસના અંતે ફરિથી ટોઇલેટને તાળુ મારી દેવાતા આ ટ્રેઇનમાં યાત્રિકોને શૌચક્રીયા માટે કોઇ સુવિધા નથી. રેલવે વિભાગ દ્વારા ત્વરિત અસરથી ટ્રેઇનમાં અપડાઉન કરતા યાત્રિકોને ધ્યાને લઇ ટ્રેઇનમાં ટોઇલેટ બ્લોકનુ તાળુ ખોલી સુવિધા ઉપલબ્ધ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# અત્યાધુનિક "ઓનલાઈન" સર્વિસ સાથે પંજાબ હુન્ડાઈ હવે વધુ ગ્રાહકલક્ષી સુવિધાયુક્ત

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના કારધારકો માટે આનંદના સમાચાર છે. સે. ૨૮માં આદિવાડા નજીક આવેલ પંજાબ હુન્ડાઈના શૉ રૂમનું રિનોવેશન કરાયું છે. જેમાં અનેક પ્રકારની ગ્રાહકલક્ષી સુવિધાઓ સાથે અદ્યતન સર્વિસ પુરી પાડવામાં આવી રહી છે. જેના કારણે ગ્રાહકોને સંપૂર્ણ પારદર્શિતા સાથે યોગ્ય સર્વિસ અને જેન્યુઈન પાર્ટસ કંપનીની સાચી કિંમતે મળી રહે છે. માત્ર એટલુ જ નહી પરંતુ તમામ સીસ્ટમ "ઓનલાઈન" હોવાથી ગ્રાહકના સમયનો વેડફાટ થતો નથી.



(તસવીર : કશ્યપ નિમાવત)

કારધારકોને મોટે ભાગે કાર સર્વિસ કરાવવી તે અત્યંત પળોજણ વાળુ કાર્ય લાગતુ હોય છે. કારણ કે તેમાં લાંબી કતાર સાથે અનિશ્ચિત સમયનું વેઈટીંગ તેમના કામકાજના તમામ આયોજનો ખોરવી નાંખે છે. ગાંધીનગરના પંજાબ હુન્ડાઈના શૉરૂમ ખાતે અદ્યતન સગવડ ઉપરાંત 'ઓનલાઈન' કિઓસ્ક ઉભું કરાયું છે. જેના કારણે ગ્રાહક પોતાની કાર સર્વિસના કયા સ્ટેજે છે તેમજ તેમાં શું શું કાર્ય કરવામાં આવી રહ્યું છે તેની રજેરજની વિગત વેઈટીંગ લોન્જમાં બેઠા બેઠા મેળવી શકે છે. વળી, તમામ પ્રક્રિયા તે ટીવી સ્ક્રીન પર ઓનલાઈન નિહાળી પણ શકે છે. જેના કારણે તેને સંપૂર્ણ પારદર્શિતા સાથે વિશ્વાસપાત્ર સર્વિસ પ્રાપ્ત થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પંજાબ હુન્ડાઈના નવા સેન્ટ્રલ એસી વિશાળ શૉરૂમ પર નવી અનેક ગ્રાહકલક્ષી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. જેમાં ગાંધીનગરની સૌથી મોટી અદ્યતન બૉડી-શૉપ માત્ર ૫ મિનિટમાં કાચ જેવી ચોખ્ખીકાર કરી દેતી ઓટોમેટિક રોબોટિક કાર વૉશ સીસ્ટમ, રિફ્રેશમેન્ટની સગવડ સાથેની અત્યાધુનિક કસ્ટમર લોન્જ, ૩ડી એલાઈનમેન્ટ નેશનલ લેવલ સર્ટિફાઈડ ટેકનિશિયન્સની ફોજ, ફાયરસેફ્ટી સાથેનો સર્વિસ એરિયા અને ઓનલાઈન સ્ટેપ્સ બતાવતું કિઓસ્ક વગેરેનો સમાવેશ થાય છે. પંજાબ હુન્ડાઈના જનરલ મેનેજર ધર્મેશ શાહે જણાવ્યું હતુ કે હુન્ડાઈ બ્રાન્ડને ઓળખવાની જરૂર નથી પરંતુ હવે અત્યાધુનિક ટેકનોલોજી સાથે કસ્ટમર કેર ગ્રાહકના સંતોષને જ અગ્રિમતા અપાશે તથા ઓનલાઈન સીસ્ટમના કારણે પારદર્શિતા વધતા ગ્રાહકોને વિશ્વસનીય સેવા પ્રાપ્ત થશે. આ સાથે શૉ રૂમના સર્વિસ મેનેજર ભાવના ફર્નાન્ડીઝે જણાવ્યું હતું કે હવે અમે ગ્રાહકને માત્ર બે જ કલાકમાં કારની સંપૂર્ણ સર્વિસ વોશ સાથે કરી આપી શકીશુ, વળી ગ્રાહક કિઓસ્ક દ્વારા તમામ ચાર્જીસ લેબર સહિત સ્પેર્સની ઈન્વેન્ટરી વગેરે જાણી શકશે તથા સર્ટિફાઈડ ટેકનિશ્યિન્સના કારણે ઉત્તમ સર્વિસ મેળવી શકશે.

## જેઠીપુરા પાટીયા પાસેથી 'લાઈન'નો દારૂ પકડી પડાયો..!

ગુજરાતમાં દારૂ ઠાલવવા માટે ભરત ડાંગીની લાઈન શરૂ થઈ ગઈ હોવાનુંસૂત્રો પાસેથી જાણવા મળ્યુંછે. ત્યારે આજે ડભોડા પોલીસે આ લાઈનનો જ દારૂ પકડી પાડતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. અંતે ડભોડા પોલીસે રૂ. ૩.૮૩ લાખનો દારૂ-બિયર તથા કાર સહિતના મુદ્દામાલને જપ્ત કરી બે શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બાતમી મળી હતી કે વિદેશી દારૂ-બિયરનો જથ્થો ભરેલી સ્વિફ્ટ ગાડી નં. આર.જે.૨૭. સીઈ. ૬૦૯૬ જેઠીપુરા પાટીયા પાસેથી પસાર થવાની છે જેને આધારે ડભોડા પોલીસની ટીમ જેઠીપુરા પાટીયા પાસે વૉચમાં ગોઠવાઈ ગઈ હતી અને એક સ્વીફ્ટ પકડી પાડી હતી. સ્વીફ્ટમાંથી ૩૮૭ નંગ બિયરના ટીન તથા ૨૫૬ નંગ વિદેશી દારૂની નાની મોટી બોટલ મળી આવી હતી. રૂ. ૩,૮૩,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને ડભોડા પોલીસે રાજસ્થાન ઉદેપુર વિસ્તારના નારાયણ સોભાજી પટેલ અને ગોપાલ તુદારામ ડાંગી એમ બે શખ્સોની ધરપકડ કરી લીધી હતી. દારૂ પકડાયા બાદ પોલીસ દોડતી થઈ ગઈ હતી અને આ દારૂ ભરત ડાંગીની ચાલતી લાઈનનો દારૂ હોવાનું જાણવા મળ્યું છે.